જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૧૦/૨૦૧૮ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૮૯/૧૮

## બાપુનગર પોલીસ સ્ટેશન

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશરશ્રી " એચ" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ શરીર સંબંધી તેમજ મિલ્કત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા સારુ અસરકારક અટકાયતિ પગલાં લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઇન્સ્પેકટર શ્રી એચ.બી.ચૌધરી બાપુનગર પો.સ્ટે.અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસોએ બાપુનગર વિસ્તારમાં રહેતા અબ્દુલ રહેમાન ઉર્ફે ઇરફાન ઉર્ફે તોતા S/O અબ્દુલ શકુર ઉર્ફે મુન્નાભાઇ જાતે રંગરેજ ઉવ.૨૦ ધંધો છુટક મજુરી રહે.જનતાનગર તલાવડી પાસે રામોલ અમદાવાદ શહેર તથા મ.નં.૨૧૩, મણીલાલ મથુરદાસની ચાલી બાપુનગર અમદાવાદ શહેર નાનો શરીર સંબંધી ગુનાઓ કરવાની પ્રવૃતિ સાથે સંકળાયેલ હોય. તેના વિરુધ્ધ નોંધાયેલ ગુનાઓ આધારે પુરાવા એકત્રિત કરી પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતાં તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૯૭૨/૨૦૧૮ તા.૧૧।૧૦।૨૦૧૮ અન્વયે હુકમ કરતાં મજકુર પાસા અટકાયતિને આજરોજ તા.૧૧।૧૦।૧૮ ના કલાક ૨૧.૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી " ભુજ જેલ" ખાતે પાસા અટકાયતિને જુરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૧૧।૧૦।૧૮

## સરખેજ પોલીસ સ્ટેશન

મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેનાંસરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શરીર સબંધીનાં ગુન્હામાં પકડાયેલ ઇસમ ભાર્ગવ લલીતભાઇ પરમાર ઉવ.૨૪રહે.ટીંબાનીવાસ,દત્તમંદીરની બાજુમાં,રબારીવાસનાં નાકે,સરખેજગામ અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધમાં શરીર સબંધી ગુન્હાઓ એકત્ર કરી કરાવી અત્રેથી મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર નાઓને દરખાસ્ત પાઠવી મે,મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ઇ"ડીવીઝન સાહેબની કચેરી નાઓ તરફથી ક્રમાંક ઇ/ડીવીઝન/હદપ/૦૬/૨૦૧૮ તા.૦૫/૧૦/૨૦૧૮ થી અમદાવાદગ્રામ્ય,ખેડા,મહેસાણા,ગાંધીનગર તથા મે પોલીસ કમિશ્રીની હકુમતનો સમગ્ર વિસ્તારમાંથી બે વર્ષ માટે તડીપાર કરેલ હોય સદર ઇસમને તા-૦૬/૧૦/૨૦૧૮ નાં કલાક ૧૩/૦૦ વાગે સદર હુકમની બજવણી કરે સદર ઇસમને તેનાં સબંધીનાં ત્યાં હદપારી દરમ્યાન જુનાગઢ રહે ખાતે મુકવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે

મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેનાંસરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી પ્રવુતીમાં પકડાયેલ ઇસમ અફઝલ બશીરભાઇ આદમભાઇ અલીયાણી ઉવ.૨૪ રહે.કંજુમન ઇમાન મસ્જીદ,એફ.ડી રો-હાઉસ અંબર ટાવર,જુહાપુરા સરખેજ અમદાવાદ શહેર તથા હાલ રહે ઘર નં-૨૧૦ જૈન દેરાસર મંદીરની સામે, ચિંતામણી એપાર્ટ,ચોક બજાર સુરત શહેર નાઓ વિરુધ્ધમાં ગુન્હાઓ એકત્ર કરી કરાવી અત્રેથી મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર નાઓને દરખાસ્ત પાઠવી મે,પોલીસ કમિશ્નર શ્રી ની કચેરી નાઓ તરફથી ક્રમાંક પીસીબી/ડીટેઇનં/પાસા/૮૨૦/૨૦૧૮ તા.૦૫/૦૯/૨૦૧૮ થી પાસા હુકમ થયેલ હોય અને સદર ઇસમ નાને સદર "પાસા" હુકમની બજવણી કરાવી "રાજકોટ" જેલ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે તા- ૬૮/૧૦/૨૦૧૮

## જીઆઈડીસી વટવા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નર સા શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સા શ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સા શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલાં લેવાં કરેલ હુકમ અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓએ **ગીતાબેન વા/ઓ દશરથભાઈ છગાભાઈ ચુનારા ઉવ.૩૪ ધંધો-મજુરી રહે.ચુનારાવાસ ગાયત્રી મંદિરની બાજુમાં હાથીજણ તા-દસ્ક્રોઈ,જી-અમદાવાદ**નાની "જાહેરવ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો કરતી હોય જેની વિરુધ્ધ જીઆઈડીસી વટવા પો.સ્ટે અમદાવાદ શહેર પ્રોહી ગુરનં ૫૧૯૪/૧૮ ધી પ્રોહી કલમ ૬૬(બી),૬૫(ઈ), ૮૧,૯૮(૨) મુજબનો ગુનો દાખલ થયેલ હોય.સદરી આરોપણબેન વિરુધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસાહુકમ નંબર-ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૯૭૬/૧૮ તારીખ :૧૧/૧૦/૨૦૧૮ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીની સર્વેલન્સ પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા તથા મ.સ.ઈ મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ નાઓ વોચ કરતા મળી આવતા પકડી લઈ તા:૧૧/૧૦/૧૮ ના રોજ પાસા હુકમની બજવણી કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપેલ છે.

### બાઈક ચોરીના ગુનામાં સંડોવાયેલ બે આરોપીઓને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી એ.કે.સિંઘ.સાહેબનાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨.શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન શ્રી.ડી.એચ,ચૌધાણ સા.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેકટર.આર.જી.જાડેજા નાઓએ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનામાં સંડોવાયેલ આરોપીઓની તપાસ કરી મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ સર્વેલન્સ પો.સ.ઈ.એ.ડી.ભટ્ટ તથા હે.કો રામસિંહ લક્ષ્મણસિંહ બનં-૭૭૩૩ તથા પો.કો ચંન્દ્રસિંહ લાખુભા બનં-૫૮૮૯ તથા પો.કો રાજેશભાઈ રમેશભાઈ બનં-૬૭૭૯ તથા પો.કો જયપાલસિંહ પ્રવિણસિંહ બનં-૭૪૩૯ તથા લો.ર જયદેવસિંહ નાગજીભાઈ બનં-૩૨૪૧ તથા પો.કો અશોકભાઈ મોહનભાઈ બ.નં.૬૨૬૫ એ રીતેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમા હતા દરમ્યાન ફરતા ફરતા કલાક. ૧૨/૧૫ વાગે ઓઢવ રોયલ હોટલની પાસે આવતા સાથેના <u>પો.કો ચંન્દ્રસિંહ લાખુભા તથા લો.ર જયદેવસિંહ નાગજીભાઈ નાઓએ આપેલ સંયુક્ત બાતમી હકીકત આધારે</u> " એક એકટીવા ચાલકના બે ઈસમો (૧) રાજ સ/ઓ નવનીતભાઈ પટેલ ઉવ.૨૨ રહેવાસી-મનં-એ/૭૦૨ શીવાશગ્રીન ફ્લેટ, પંચવટીની પાસે રતનપુરગામ વસ્ત્રાલ અમદાવાદ તથા મનં-૮૩ નિલકંઠ સોસાયટી અંબેમાતાના મંદીરની પાસે બચુભાઈ ચોકડી પાસે વટવા અમદાવાદ તથા (૨) મનિપકુમાર કાંતીભાઈ પટેલ ઉવ.૨૯ રહેવાસી- મનં-૧૮/૫૪૮ પંચરત્ન આવાસ યોજનાના મકાન, રીલાયંસ પેટ્રોલ પંપની પાછળ વસ્ત્રાલ અમદાવાદ શહેર તથા મનં-૧૨૫ ત્રિકમલાલની ચાલી નં-૨ નુતનમિલ ચાર રસ્તા સરસપુર અમદાવાદ નાઓના કબ્જાની એકટીવા જેની આગળ પાછળ નંબર પ્લેટ લગાડેલ નથી જેનો એન્જીન નંબર JF50E73159117 તથા ચેચીસ નંબર ME4JF505EG7159839 જેવો વંચાય છે જેની કિ.રૂ.૨૦,૦૦૦/- ગણાય તે સદરી બન્ને ઈસમોની પાસે એકટીવા બાબતેના આધાર પુરાવા કે ગાડીના કાગળો માંગતા બન્ને ઈસમોએ પોતાની પાસે નહી હોવાનું જણાવેલ જેથી સદરી બન્ને આરોપીઓના કબ્જાની એકટીવા સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરી સદરી બન્ને આરોપીઓને સીઆરપીસી કલમ ૪૧(૧)(ડી) મુજબ તા.૧૧/૧૦/૧૮ ના કલાક ૧૩/૧૫ વાગે અટક કરી <u>રામોલ પો.સ્ટેશન ફ્રસ્ટ ગુ.ર.નં ૮૯/૧૮ ધી ઈપીકો કલમ ૩૭૯</u> મુજબનો ગુનો શોધી સારી કામગીરી કરેલ છે.

## બાપુનગર પોલીસ સ્ટેશન

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશરશ્રી '' એચ'' ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ શરીર સંબંધી તેમજ મિલ્કત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા સારૂ અસરકારક અટકાયતિ પગલાં લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એચ.બી.ચૌધરી બાપુનગર પો.સ્ટે.અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસોએ બાપુનગર વિસ્તારમાં રહેતા અબ્દુલ રહેમાન ઉર્ફે ઇરફાન ઉર્ફે તોતા S/O અબ્દુલ શકુર ઉર્ફે મુન્નાભાઇ જાતે રંગરેજ ઉવ.૨૦ ધંધો છુટક મજુરી રહે.જનતાનગર તલાવડી પાસે રામોલ અમદાવાદ શહેર તથા મ.નં.૨૧૩, મણીલાલ મથુરદાસની ચાલી બાપુનગર અમદાવાદ શહેર નાનો શરીર સંબંધી ગુનાઓ કરવાની પ્રવૃતિ સાથે સંકળાયેલ હોય. તેના વિરુધ્ધ નોંધાયેલ ગુનાઓ આધારે પુરાવા એકત્રિત કરી પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતાં તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૯૭૨/૨૦૧૮ તા.૧૧/૧૦/૨૦૧૮ અન્વયે હુકમ કરતાં મજકુર પાસા અટકાયતિને આજરોજ તા.૧૧/૧૦/૧૮ ના કલાક ૨૧.૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી '' ભુજ જેલ'' ખાતે પાસા અટકાયતિને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૧૧/૧૦/૧૮

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.